સમરી (સ્પે. ઈલે.)કેસ નં.૬૧/૨૦૨૬

–: આંક–૧ હેઠળ હુકમ :–

આરોપી સામે આંક–૧ ના રીપોર્ટની હકીકત મુજબ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ વીજચોરીના ગુનાની ફરીયાદ દાખલ થયેલ હતી. આ ગુનાની તપાસ દરમ્યાન આરોપીએ વીજચોરીના બીલની રકમ તથા કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ ફરીયાદી કંપનીમાં ભરપાઈ કરી આપતા ફરીયાદી કંપનીના જવાબદાર અધિકારીએ આરોપીનો પ્રથમ ગુનો હોય ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૫૨ મુજબ ગુનો માંડવાળ કરવા ત.ક.અધિકારીને રીપોર્ટ આપેલ છે. ત્યારબાદ ત.ક.અધિકારીએ તે રીપોર્ટ આધારે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ આ કામે આરોપી પક્ષે વીજચોરીના પુરવણી બીલની રકમ તથા કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ ભરપાઈ કરી દીધેલ હોય અને આરોપીનો પ્રથમ ગુનો હોય હાલના ગુનાના કામે થયેલ માંડવાળ અંગેનો રીપોર્ટ મંજુર કરવા આ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને રાખતા ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૫૨ મુજબ આરોપી સામેનો ગુનાનો માંડવાળ રીપોર્ટ મંજુર કરવામાં આવે છે. આરોપીને ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪ માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૧૪/૩/૨૦૨૬
નેશનલ લોક અદાલત

સમીર વિનોદચંદ્ર વ્યાસ
સ્પેશ્યલ જજ (ઈલે.)
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા.
(Unique ID Code : GJ-00345)